# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૭/૮૦૦૦ તા. ૦૬/૧૦/૨૦૧૭

પરિપત્ર- ૩૬૨

વિષય : સેમેસ્ટર-૩ ના પરીક્ષા આવેદનપત્ર બાબત.
સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા. ૦૧/૧૦/૨૦૧૭ નો પરિપત્ર-૩૫૩ નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૭/૭૯૩૧

ઉપરોક્ત વિષય અન્વયે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે સંદર્ભમાં દર્શિત પરિપત્રથી આગામી નવેમ્બર-૨૦૧૭ માં લેવાનાર સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ની પરીક્ષા માટેના પરીક્ષા આવેદનપત્રો યુનિવર્સિટી કાર્યાલય ખાતે રૂબરૂ જમા કરાવવા જણાવવામાં આવેલ છે. આ વિષયમાં સંદર્ભમાં દર્શિત સેમેસ્ટર-૩ ના પરીક્ષા આવેદનપત્ર ભરવાની અને યુનિવર્સિટીમાં જમા કરાવવાની બાબત રદ્દ કરવામાં આવે છે. અને દરેક કૉલેજ/માન્ય પી.જી. કેન્દ્રના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને નવેમ્બર-૨૦૧૭ માં લેવાનાર સેમેસ્ટર-૩ ના પરીક્ષા આવેદનપત્ર નીચેની વિગતે વિદ્યાર્થીઓ પાસેથી ભરાવવા અને યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr. No | Examination | Semester | Fee | | | | Starting Date for Students to Fill Up Exam Form | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | | |
| 1 | B.A. | 3 | 175 | 50 | 25 | 250/- | 03/10/2017 | 11/10/2017 |
| 2 | B.Com. | 3 | 175 | 50 | 25 | 250/- | 03/10/2017 | 11/10/2017 |
| 3 | B.SC. | 3 | 175 | 150 | 25 | 350/- | 03/10/2017 | 11/10/2017 |
| 4 | B.Ed. | 3 | 200 | 00 | 25 | 225/- | 03/10/2017 | 11/10/2017 |
| 5 | LL.B. | 3 | 250 | 00 | 25 | 225/- | 03/10/2017 | 11/10/2017 |
| 6 | B.C.A. | 3 | 250 | 250 | 25 | 525/- | 03/10/2017 | 11/10/2017 |
| 7 | M.A | 3 | 500 | 00 | 25 | 525/- | 03/10/2017 | 11/10/2017 |
| 8 | M.Com | 3 | 500 | 00 | 25 | 525/- | 03/10/2017 | 11/10/2017 |
| 9 | M.Sc. | 3 | 500 | 200 | 25 | 725/- | 03/10/2017 | 11/10/2017 |
| 10 | M.Ed. | 3 | 500 | 00 | 25 | 525/- | 03/10/2017 | 11/10/2017 |
| 11 | M.S.W. | 3 | 500 | 00 | 25 | 525/- | 03/10/2017 | 11/10/2017 |

નોંધ : વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના જે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૫૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૦૦/- લેવાની રહેશે.

➢ પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજો/પી.જી. કેન્દ્રોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ડાઉનલોડ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજ/પી.જી. કેન્દ્રના આચાર્યશ્રી/ઈન્ચાર્જશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) આચાર્યશ્રી/ઈન્ચાર્જશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું મોડ્યુલમાં વેરીફીકેશન કર્યા બાદ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ તેમજ રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ભારતીય સ્ટેટ બેંકના ખાતા નં.35567029720 (ISFC CODE: SBIN0000375 MICR: 389002003) માં NEFT/RTGS થી નિયત પરીક્ષા ફી તબદીલ/જમા કરાવ્યાની રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સેમેસ્ટર-૩ ના પરીક્ષા આવેદન પત્ર બાબત | તા. ૧૧/૧૦/૨૦૧૭ સુધી | રેગ્યુલર ફી + ૫૦૦/- તા. ૧૨/૧૦/૨૦૧૭ થી તા. ૧૩/૧૦/૨૦૧૭ સુધી | રેગ્યુલર ફી + ૧૦૦૦/- તા. ૧૪/૧૦/૨૦૧૭ થી તા. ૧૫/૧૦/૨૦૧૭ સુધી |

(૫) સેમેસ્ટર-૩ માં સીધો પ્રવેશ મેળવનાર ડીપ્લોમાં અભ્યાસક્રમ પૂર્ણ કરેલ અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ પહેલા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રની કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોમાંથી સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ નો અભ્યાસ સફળતાપૂર્વક પર્ણ કરેલ વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્રો અલગ બંચ બનાવી યુનિવર્સિટીમાં રૂબરૂમાં જમા કરાવવાના રહેશે તથા આવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્રમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટિફિકેટ (F.A.E.C) ની વિગતો ભરેલ નહિ હોય તો આવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્ર ગ્રાહ્ય રાખવામાં કે આવશે નહી અને તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે.

(૮) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદનપત્ર જમા કરાવતા પહેલા તમામ પ્રકારની ચકાસણી કરી. યુનિવર્સિટીમાં પરીક્ષા આવેદનપત્ર જમા કરાવ્યા બાદ સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ.

(૯) કોલેજ/માન્ય પી.જી. કેન્દ્રએ અધુરી કે ખોટી વિગતોવાળા જમા કરાવેલ પરીક્ષા આવેદનપત્રોના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


(૧૦) કોલેજ/માન્ય પી.જી. કેન્દ્ર દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીએ લખેલ અને કોલેજે ખરાઈ કરેલ વિષય બદલવા માટે વિષય દીઠ રૂ. ૨૦૦૦/- ની ફી ભરવાની રહેશે તેમજ વિષય બદલવા માટે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવાય તે અંતિમ રહેશે.

(૧૧) કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોએ એ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે પરીક્ષા આવેદનપત્ર જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, કાયદા, અને શિક્ષણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.